# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

P G V C L

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ, સામે,ભુજ
ફોન: ૦૨૮૩૨-૨૪૩૫૫૦ ફેક્સ:૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં:કેસી/સીજીઆરએફ-ભુજ/૨૦૧૯ No 115 તારીખ: 21 JUN 2019

રજી. એ.ડી. દ્વારા

પ્રતિ,
કોલી હુસેન વાલા,
રહે. ધર્મશાળા સામે, ગામ-મીરઝાપર
તા- ભુજ-કચ્છ,
મોબાઇલ નંબર:-

વિષય:- કેસ નંબર પીજી૦૧/૦૧૧/૨૦૧૯-૨૦
સંદર્ભ:- આપની અરજી નોંધણી નં. પીજી૦૧/૦૧૧/૨૦૧૯-૨૦

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારું.

(એસ એન વહોનીયા)
કન્વીનર
ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભૂજ.

બિડાણ-ઉપર મુજબ

(૧) અધિક્ષક ઈજનેર, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, ભુજ
(૨) કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ભુજ
(3) નાયબ ઇજનેરશ્રી,પીજીવીસીએલ,પેટા-વિભાગીય કચેરી, ભુજ રૂરલ

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

Scanned by CamScanner

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોન:- ૦૨૮૩૨-૨૫૩૫૫૦ફેક્સ:- ૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

નં કેસી/સીજીઆરએફ/૨૦૧૯/115 તારીખ: 21/06/19

૨003 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-01-011-2019-20.

અરજદાર: શ્રી કોલી હુસેન વાલા
ગામ-મિરઝાપર,તા.ભુજ, જિ.-કચ્છ

રજૂઆત કરનાર: અરજદારશ્રી પોતે હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યપાલક ઇજનેરશ્રી, પીજીવીસીએલ,વિભાગીય કચેરી,ભુજ

રજૂઆત કરનાર: (૧) શ્રી જે.જ.ક્રિશ્ચિયન, નાયબ ઈજનેરશ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ભુજ
(૨) શ્રી એન.ડી.ઠક્કર, નાયબ ઈજનેરશ્રી, પીજીવીસીએલ, ભુજ ગ્રામ્ય પેટાવિભાગ કચેરી, ભુજ

## :: કોરમ ::

૧) શ્રી જે.બી.પારેખ, ચેરપર્સન
૨) શ્રીમતી એન એચ જોષી, સ્વતંત્ર મેમ્બર

ફરીયાદ નિવારણ ફોરમ પી.જી.વી.સી.એલ. ભુજ

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ., વર્તુળ કચેરી, ભુજ.
તારીખ: ૨૪/૦૫/૨૦૧૯



Scanned by CamScanner

# :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારશ્રી શ્રી કોલી હુસેન વાલા ગામ-મિરઝાપર,તા.ભુજ, જિ.-કચ્છ મધ્યે રહે છે અને રજીસ્ટર નં. ૨૧૪૭થી આકારણી માતાપિતાના નામે ચાલે છે. અરજદારશ્રી સંયુક્ત કુટુંબમાં રહે છે.

૧.૧ અરજદારશ્રીના જણાવ્યા મુજબ મિરઝાપર ગ્રામ પંચાયતનો તા.૧૧/૦૭/૨૦૧૮ના પત્રનું ખોટું અર્થઘટન કરીને પીજીવીસીએલ અધિકારીઓ દ્વારા વીજજોડાણ આપેલ નથી.

૧.૨ અરજદારશ્રીના જણાવ્યા મુજબ ગ્રામ પંચાયતના સરપંચએ સરકારી અધિકારી કે કર્મચારી નથી અને તેઓશ્રી દ્વારા આપવામાં આવેલ પત્રને માનવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી. કારણકે આવી અરજી કે કાર્યવાહી કરવાની સત્તા તલાટીશ્રીને રહેલી છે.

૧.૩ અરજદારશ્રીને નવા વાણિજ્ય વીજજોડાણ માટેની માંગણી કરેલ. જેમાં પીજીવીસીએલ દ્વારા સરપંચનો દાખલો મેળવી લાવવા જણાવવામાં આવે છે.

૧.૪ અરજદારશ્રી ઘરવપરાશના વીજજોડાણનો ઉપયોગ વાણિજ્ય હેતુ માટે કરે છે. જેમાં ચેકીંગ થયેલ અને તેઓશ્રીને દંડ કરે છે.

૧.૫ અરજદારશ્રીને નવું વાણિજ્ય જોડાણ આપવામાં આવેલ નથી અને ઘરવપરાશના વીજજોડાણનો ઉપયોગ વાણિજ્ય હેતુ માટે કરેલ તેમાં અરજદારશ્રીને ચેકીંગ કરી દંડ કરવામાં આવેલ છે.

૧.૬ અરજદારશ્રી નવા વાણિજ્ય વીજજોડાણ મેળવવા માટે ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

# :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી પીજીવીસીએલ ભુજ ગ્રામ્ય પેટાવિભાગીય કચેરીમાં નવા સિંગલ ફેઈઝ વીજજોડાણ માટેની અરજી આપેલ તે જગ્યા દબાણમાં આવેલ છે.

૨.૧ પીજીવીસીએલ દ્વારા અરજદારશ્રીને વાણિજ્ય વીજજોડાણ આપેલ નથી કારણે વાણિજ્ય વીજજોડાણ માટે લોકલ ઓથોરીટી ગ્રામ પંચાયતના "ના-વાંધા પ્રમાણપત્ર"ની નકલ આપવી જરૂરી છે. જેની નકલ સામેલ ન હોવાથી સદરહુ વીજજોડાણ આપી શકેલ નથી.

૨.૨ અરજદારશ્રી મારફતે કરેલ વીજજોડાણ મેળવવા માટે અરજીમાં તલાટીનો દાખલો ઘર માટેનો તેમના બાપુજીના નામનો આપેલ છે. તો તેના પુત્રના નામે તે જગ્યાએ વાણિજ્ય વીજજોડાણ આપી શકાય નહીં.

૨.૩ ઉપરોક્ત બાબતની અરજદારશ્રીને ભુજ ગ્રામ્ય પેટાવિભાગીય કચેરીએ પત્ર નં. ૩૮૪૮ તા.૦૩/૦૫/૨૦૧૯થી જાણ કરેલ છે કે, ગામ-મિરઝાપર તાલુકો-ભુજ ગ્રામ પંચાયતની દબાણમાં વીજજોડાણ લેવા માટે "ના-વાંધા પ્રમાણપત્ર" સામેલ ન હોય તો દબાણમાં વાણિજ્ય વીજજોડાણ આપી શકાય નહીં.

૨.૪ અરજદારશ્રીને દબાણમાં વીજજોડાણ મેળવવા માટેના જરૂરી દસ્તાવેજી આધારોની અધૂરાશ હોવાથી વીજજોડાણ આપવાની કાર્યવાહી થઈ શકેલ નથી.



Scanned by CamScanner

## :: હુકમ ::

૩.૦ સદર કેઈસમાં સરપંચશ્રી મિરઝાપર ગ્રામ પંચાયત દ્વારા નાયબ ઈજનેર ગ્રામ્ય પેટા વિભાગ પીજીવીસીએલ ભુજ(કચ્છ)ને તા. ૧૫/03/૨૦૧૯થી જણાવેલ છે કે, ગામતળ પ્લોટમાં મિરઝાપરના ઈસમ શ્રી હુસેન વાલા કોલી દ્વારા વગર પરવાનગીએ અનધિકૃત કોમર્શિયલ દુકાનોનું બાંધકામ કરેલ છે. જેઓને બાંધકામ કરતાં પહેલાં અટકાવવાના લેખિત તથા મૌખિક પ્રયત્નો કરેલ હતા પરંતુ તેઓએ ગ્રામ પંચાયતની સૂચનાનું પાલન કરવાને બદલે કોમર્શિયલ દુકાનોનું બાંધકામ કરેલછે. જેથી ગ્રામ પંચાયત દ્વારા ગુજરાત અધિનિયમ-૧૯૯૩ની કલમ ૧૦૫ તળે દબાણ દૂર કરવાની કાર્યવાહી કરવાની હોઈ આ ગામતળમાં બનેલ દુકાનોને વીજકનેક્શન ન આપવા જણાવેલ છે.

૩.૧ ભુજ તાલુકાના મિરઝાપર ગામે અરજદારશ્રી હુસેન વાલા કોલી દ્વારા પીજીવીસીએલ ગ્રામ્ય પેટા વિભાગ, ભુજ કચેરીમાં નવા સિંગલ ફેઇઝ કોમર્શિયલ કનેક્શન માટે એપ્રિલ-૨૦૧૯માં અરજી કરવામાં આવેલ છે.

૩.૨ એ-૧ ફોર્મની સાથે અરજદાર દ્વારા પીજીવીસીએલની પ્રસ્થાપિત પ્રણાલિકા મુજબનો રૂ.૫૦નો સ્ટેમ્પ પેપર ઉપર નોટરાઈઝ કરેલ કોમર્શિયલ વપરાશ્નો વિદ્યુત જોડાણ અંગેનો કરાર રજૂ કરવામાં આવેલ છે.

૩.3 આ એ-૧ ફોર્મની સાથે અરજદાર દ્વારા આધારકાર્ડ, રેશનકાર્ડ તથા બાજુના રહેણાંક કનેક્શન શ્રી હુસેન વાળાના આર.જી.પી.આર. કનેક્શન ગ્રાહક નંબર ૩૮૮૬૫/૦૧૦૬૩/૦ની નકલ જોડવામાં આવેલ છે.

૩.૪ તદુપરાંત એ-૧ ફોર્મની સાથે મિરઝાપર ગ્રામ પંચાયતના તલાટી સહમંત્રીની સહી વાળો શ્રી કોલી વાલા અભીના નામનો આકારણી રજીસ્ટર નંબર ૦૨/૪૭ માટેનો તા. ૨૦/૦૪/૨૦૧૯નો મિલકતનો દાખલો રજૂ કરેલ છે.

૩.૫ તદુપરાંત એ-૧ ફોર્મ સાથે રૂ. ૨૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર અરજદારના ભાઈશ્રી હુસેન વાલા કોલી દ્વારા ઈસ્માઈલ વાલા કોલીને વીજકનેક્શન આપવા અંગે કોઈ વાંધો કે તકરાર નથી તેનું સંમતિપત્રક રજૂ કરવામાં આવેલ છે.

૩.૬ પીજીવીસીએલ નાયબ ઈજનેર ગ્રામ્ય પેટા વિભાગ દ્વારા પત્ર નંબર ૩૮૦૮ તા. 0૩/૦૫/૨૦૧૯થી દબાણમાં વાણિજ્યિક વીજ વપરાશ અંગે મીરઝાપર ગ્રામ પંચાયતનું "ના-વાંધા પ્રમાણપત્ર" રજૂ કરવાનું જણાવેલ છે.

૩.૭ અરજદારશ્રી કોલી હુસેન વાળા દ્વારા તા. ૦૮/૦૫/૨૦૧૯ના રોજ કન્વીનરશ્રી ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમમાં અરજી કરવામાં આવેલ છે. જેમાં અરજદાર દ્વારા સરપંચને કોઈપણ દાખલો આપવાની કે અન્ય રીતેની સત્તાઓ ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવેલ નથી. તેવી રજુઆત કરેલ છે.

૩.૮ સદર કેસનો અભ્યાસ કરતાં સદર જગ્યાની કાયદેસરતા અંગે અરજદાર તથા ગ્રામ પંચાયત વચ્ચે વિવાદ ચાલે છે.

૩.૯ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ –વિદ્યુત જાહેરનામા ક્રમાંક નંબર ૦૪/૨૦૧૫ના ક્લોઝ નં. ૪.૨૦(૩) મુજબ બિન રહેણાંક નવા વીજ કનેક્શન માટે બિન રહેણાંક જગ્યામાં વીજ કનેક્શન આપવા માટે ગ્રામ પંચાયતનું "ના-વાંધા પ્રમાણપત્ર" રજૂ કરવાનું રહેશે.

૩.૧૦ સદર રેગ્યુલેશન મુજબ અરજદાર તરફથી બિન રહેણાંક જગ્યામાં વીજકનેક્શન આપવા માટે ગ્રામ પંચાયતનું "ના-વાંધા પ્રમાણપત્ર" રજૂ કરવામાં આવે તો પીજીવીસીએલ દ્વારા સદર કોમર્શિયલ કનેક્શન એસ્ટીમેટ ભરપાઈ કરાવીને ટેસ્ટ રીપોર્ટ મેળવીને રીલીઝ કરવાની આ તબક્કે સૂચના આપવામાં આવે છે.



Scanned by CamScanner

૩.૧૧ અરજદારની અરજી ફેંસલ કરવામાં આવે છે.

Joshi Nitinbhai

(એન. એચ. જોષી)
સ્વતંત્ર મેમ્બર

(જી.બી.પારેખ)
ચેર પર્સન

નોંધ:

(૧) અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન 30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિસામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯



Scanned by CamScanner